(શ્રી)

ઈશ્વર દર્શન.

તથા

બુલ્લાશાહની સીહરફી.

શ્રદ્ધા સંપન્ન પ્રેમી અધિકારીમનુષ્યોના હિતાર્થે

છપાવી પ્રગટ કરનાર.

સારસ્વત કુલોત્પન્ન જ્યોતિર્વિદ

રણછોડલાલ કાશીરામ શર્મા

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું, સોનીફળીયા—સુરત.

દોહરો.

ઇચ્છો ભવભય અંતને, વાચો ધરી ઉમંગ
સ્થિર શ્રદ્ધા દૃઢ પ્રેમથી, મનવાધે હરિ રંગ

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

સં. ૧૯૭૩ સને ૧૯૧૬ ઇસવી

સુરત ભાગાતળાવ રોડ પર આવેલા ધી "રાંદેર" પ્રિન્ટીંગ
પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

મૂલ્ય વાંચન, મનન, નિત્યાભ્યાસ.

॥ પ્રસ્તાવના. ॥

આ ઇશ્વર દર્શન નામનું લઘુ પુસ્તક જેની પ્રશંસા કરવાને મનુષ્ય સમર્થ હોઈ શકે તેમ નથી." આખિશાખી શીર કટે આખી કહાં સમાય, રતિ એક ઘટમાં ઉતરે અમર મોક્ષ લેજોય." આ ભવાટવિ દુઃખ નિવર્તક પુસ્તકનું સવારે તથા રાત્રે સુતી વખત મનન કરનાર પોતાના ચિત્તમાં ઉત્તમ દૈવી સંસ્કારની સ્થાપના કર્યા કરતાં પરંપરાએ અંતે ઇશ્વરરૂપ ભગવત્સ્વરૂપ થઇ જાય છે. તે સાથે મહા સમર્થ વેદાંત નિષ્ણાત મહાત્મા બુલ્લાશાહની સીહરફીના અર્થ પરમ અમૃતરૂપ શાશ્વતિ શાંતિનેજ શ્રદ્ધા પ્રેમથી વિચાર પૂર્વક નિત્ય મનન કરનારને પ્રાપ્ત કરે એવા છે તે મહાત્મા. માણિકયજીની પાસે પ્રાચીન વાકયો હતાં તે પણ જગજન હીતાર્થે મૂકવામાં આવ્યા છે. હાથ કંકણને આરસીની જરૂર હોતી નથી આ ગ્રંથમા શુદ્ધ હૃદયથી શ્રીમાન્ ભગવાનદાસ બ્રિજભૂખણદાસ વર્મા તથા. મહાત્મા જીવણલાલ નાથાભાઈ સુખડીઆએ. પ્રીતી પૂર્વકજે ઉદાર લાગણીને પોતાના હૃદયમાં સ્થાન આપીને જણાવી તેથી ધન્યવાદ આપી વિરમાય છે.

લી૦

(જ્યોતિર્વિદ)

રણછોડલાલ કાશીરામ.

સોની ફળીયા—સુરત.

ઈશ્વર દર્શન.

આનો નિત્ય પાઠ કરી મનન ને અભ્યાસ કરવાથી ઇશ્વર દર્શન થાય છે.

વ્હાલા બન્ધુઓ !

પશુકી પનીયાં બનત હે, નરકા કછુ ન હોય,
નર કુચ એસી કરણી કરે, નરકા નારાયણુ હોય.

માટે, આ મનુષ્યા દેહ દેવતાઓને પણ દુર્લભ પામી મનુષ્ય પોતાના શુભ કૃત્યો કરી ઇશ્વરને મેળવી શકતા નથી. એ કેવળ આ પૃથ્વી ઉપર ભાર રૂપ છે. એ આપણુને અજાણ્યું નહી હોય ઇશ્વર દર્શન, ઇશ્વર દર્શન, એમ મોઢે બકવાથી કાંઇ પણ જીંદગીનું સાર્થક થતું નથી; સમુદ્રમાં મોતી પાકે છે પણ લેનાર મનુષ્ય કિનારાપર ઉભા ઉભા મોતી, મોતી એમ પોકાર કર્યાં કરવાથી મોતી મળતાં નથી, પરંતુ સમુદ્રના અંદર પોતાની ક્રિયાઓ વડે પ્રવેશ કરવાથી મોતી મેળવી શકે છે માટે મારા પ્રિય બન્ધુઓ, જો પરમાત્માને મેળવવા ચાહતા હો તો આ નિચેના વાકયોનો હમેશાં પાઠ કરી તેને તમારી બુદ્ધિમાં ઠસાવો. અને જ્ઞાનથી વિચાર કરો જેથી પ્રભુ દર્શન તાત્કાલિક થશે.

(૧) મ્હારા વ્હાલા બન્ધુ ! તું રાત્રીના સમયમાં નિદ્રાને આધિન થતાં પહેલાં તેં આખા દિવસમાં શું શું કાર્યો કર્યાં છે તે અંતઃકરણપૂર્વક તારા આત્માને સાક્ષી રાખી તું વિચાર કર કે

મારી ભૂલ ક્યાં આગળ થઇ છે. મેં આજના દિવસમાં શું કાર્ય કર્યું છે તેનો પુરેપુરો તપાસ કરી જો તેં ખોટું કાર્ય કર્યું હોય તો તું તારી જાતને તારી બુદ્ધિ પૂર્વક સખત ઠપકો આપજે અને શુભ કાર્ય કર્યું હોય તો તારા હૃદયમાં આનંદ માનજે તે પહેલાં આ મનુષ્યા દેહમાં આપણે કયું કાર્ય કરવાનું છે ને કયું નથી કરવાનું તેનો ખ્યાલ પેહેલેથીજ વિદ્વાનો તથા સજ્જન પુરૂષોના તથા આત્મજ્ઞાની ગુરૂઓના સમાગમથી નિશ્ચય કરી રાખજે પછીથી રાત્રીએ જેમ વેપારી પોતાના ચોપડા લઇ લાભને હાનિનો જેમ હિસાબ મેળાવે છે તેમ તું પણ તારા શુભાશુભ કૃત્યોનો હિસાબ મેળવ. અને તેનું સરવાયું તારા આત્માને તું ન્યાયધીશ માની બુદ્ધિ રૂપી વકીલને જોડી તેને તારા મગજમાં પરિપૂર્ણ રીતે ઠસાવ તારે આત્મારૂપી ન્યાયાધીશ પાસે જે અરજીઓ દાખલ કરવાની છે તે નીચે પ્રમાણે જાણ.

(૧) આજના દિવસમાં મે મારા ઇષ્ટ દેવ ઉપર ભકિતભાવ રાખવાનો તે રાખ્યો છે કે નહીં (૨) મારા માત પિતા તથા વડીલો તરફ પૂજ્ય ભાવ રાખ્યો છે કે કેમ. (૩) સત્પુરૂષોનો સમાગમ. (૪) આપણા મનોવિકારને હલકી વાંચ્છનાઓમાંથી દુર કરવાનું. (૫) મારા આયુષ્યમાં સત્કર્મ કેટલું કર્યું ? એ બધાની પરિપૂર્ણ રીતે હિસાબની યોજના કરી આત્મારૂપી ન્યાયધીશ પાસે અરજી દાખલ કરાવવી. એ અરજીમાં તું જેમાં ગુન્હેગાર ઠરે તેને માટે તારા મનને પરિપૂર્ણ રીતે પશ્ચાતાપ કરી દયાળુ પ્રભુ પાસે ગદ્ગદ્ શબ્દે પ્રાર્થના કરી તારે કહેવું કે હે પ્રભુ હવેથી હું ગુન્હો નહી કરૂં. મેં માતાના ગર્ભવાસમાં તમને જે કોલ આપ્યો હતો

તેનો મેં ભંગ કર્યો છે જો કે એનો મને પ્રત્યક્ષ પુરાવો મારી દષ્ટિ ગોચર થાય છે હું જગતમાં જન્મ્યો માત્ર જન્મથી મારા માતા પિતા તથા સગાં સહોદર હસ્યાં અને સાકરો વહેંચાય પરંતુ હું તો ગર્ભવાસમાંથી બહાર પડયો તેવોજ આ સંસારનો પવન (વાયુ) લાગવાથી મારા રૂદનનો પાર રહ્યો નહીં છતાં ગર્ભવાસનો આપેલો કોલ વીસરી ગયો છું તે હે પ્રભુ તું ક્ષમા કરવા યોગ્ય છે તો તે ક્ષમા કરી મારી બુદ્ધિમાં આપ પ્રવેશ કરી મારૂં જેમ કલ્યાણ થાય તે માર્ગ દયાળુ પ્રભુ મને બતાવો ને શાસ્ત્રમાં કહેલા જે દશ અધર્મો છે (૧) પારકા દ્રવ્યની અયોગ્ય ઇચ્છા કરવી [૨] કોઇપણ પ્રાણીનું બુરૂં ચિંતવવું. અસત્ય વાતને સત્ય તરીકે સ્વીકારી લેવી. આ ત્રણ મનનાં પાપ કહેવાય છે (૧) કોઇને પણ દુઃખ થાય તેવું કડવું વચન બોલવું (૨) હૃદયથી માનતા હોઇએ તેથી વિરૂદ્ધ અને અસત્ય બોલવું. [૩] પારકી ચાડી કે નિંદા કરવી. (૪) સંબંધ વગરના ખોટાં ગપ્પાં મારવાં અને મશ્કરીનો ખોટો ઉપયોગ કરવો આ ચાર વાણીથી પાપ થાય છે [૪] બીજાએ નહીં આપેલી વસ્તુ લોભથી કે અન્યાયથી ગ્રહણ કરવી. (૩) પર સ્ત્રી સાથે અયોગ્ય વર્તન કરવું. આ ત્રણ શરીરથી પાપ થાય છે. આ બધાં મળીને દશ પાપોથી હે પરમાત્મા તું મને બચાવ. એ પ્રમાણે રાત્રે સુતી વખત મારા વ્હાલા બંધુ તું નિત્ય યાદ લાવી જગનિયંતા પરમેશ્વર પાસે માફી માગી રાત્રે નિંદ્રાધીન થજે.

હવે હું તને દશ પ્રકારના ધર્મ બતાવું છું તે તું નિત્ય શ્રદ્ધાપૂર્વક પાળજે (૧) શમ પાળવો એટલે મનને કાબુમાં રાખવું એટલે જુદા જુદા વિચારોને વિષયોમાં રખડવા દેવું નહીં. [૨] દમ

એટલે ગુણને સેવવો. દરેક પ્રસંગે ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ રાખવો. [૩] દરેક પ્રસંગે સત્ય બોલવું. (૪) લોકોએ આપણા તરફ કરેલા અપરાધ વારતે હૃદયથી ક્ષમા આપવી. [૫] દાનમાં યથાશકિત હમેશાં ધન આપવું. [૬] બનતું કાંઇપણ સારૂ કામ કરવું (ઉપકાર કરવો) (૭) પ્રભુ પૂજન ગુરૂ ભકિત અને વડીલોનો વિનય કરવો. [૮) મન, વચન, અને કાયાથી શુદ્ધતા પાળવી (૯) જ્ઞાન મેળવવામાં પ્રતિદિન થોડો સમય પણ પસાર કરવો. (૧૦) જગતના તમામ જીવોનું કલ્યાણ થાવ એવી શુભ ભાવના દરરોજ રાખવી. કહ્યું છે કે જો મોક્ષ મેળવવો હોય તો અતિથીને અપવાદી એ બન્ને ભાઇ છે તે મોક્ષને આપનારા છે દાખલા તરીકે અતિથી એટલે ટાઇમ વગર આપણે ત્યાં કોઇ પરોણો આવ્યો હોય જો કે આપણે દ્રવ્ય મેળવ્યું છે તે આપણા બાલ બચ્ચાંઓને માટે છે છતાં તેનો સારી રીતે સત્કાર કરવો ને અપવાદી એટલે આપણું કોએ સો ટકા ભુંડું બોલતો હોય તો પણ તેનું ભુંડું ઇચ્છવું નહી જુઓ કે, દ્રૌપદીના છોકરા અશ્વસ્થામાએ મારી નાંખ્યા ભીમસેન આદિ એના પતિઓએ આવી દ્રૌપદીને કહ્યું સ્ત્રી તું કહેતી હોય તો અશ્વસ્થામાને મારી નાંખીએ સતીએ એવો જવાબ દીધો કે હે સ્વામીનાથ ગુરૂના પૂત્ર અશ્વસ્થામાને મારી શકાય નહી જેમ મને મારા પૂત્રો સંબંધે રૂદન થાય છે તેમ તેની મા કૃપિને પણ રૂદન થશે માટે એને મારશો નહી એમ કગી છોડી દીધો વળી શાક્ષાત શ્રી કૃષ્ણ પરમાત્માને ભગુઋષિએ એક વખત પોતાની લક્ષ્મિ સહવર્તમાન એકાંત સ્થળમાં બેઠેલા તે વખતમાં રૂષિએ કૃષ્ણને લાત મારી તેજ વખતે પરમ કૃપાળુ પરમાત્મા ભ્રગુને કહેવા લાગ્યા કે આ કોમળ ચરણ આ કઠણ છાતીને વાગ્યા હશે એમ કહીને ભ્રગુના ચરણારવિંદ દાબવા બેસી

ગયા પરંતુ લક્ષ્મીજીએ ત્યાં રૂષિ મંડળને શ્રાપ દીધો કે તમે ઘેરઘેર ભટકશો તો પણ તમારૂં પુરૂં નહીં થાય તે વખતે રૂષિમુનીએ લક્ષ્મીજીને કહ્યું કે તમારો ધણી ભીખ માગી અમારૂં પુરૂં કરશે એ સાંભળતાં કૃષ્ણ એકદમ બોલી ઉઠયા કે હું ભીખારી થઇ તમારૂં એટલે બ્રાહ્મણનું પુરૂં કરીશ આજ પણ જે કોઇ દાન પુણ્ય કરે છે તે પણ કૃષ્ણાર્પણ કરીને આપે છે માટે બન્ધુઓ વિચાર કરો કોઇ પણ આપણું ભુંડું કરતો હોય તો તેના તરફ તમારી ખોટી લાગણીઓ દોરવશોજ નહી સર્વદા તેનું કલ્યાણજ ચાહજો જેથી પરમાત્મા રાજી થઈ પોતાના સ્વરૂપનો તાદૃશ્ય ચિતાર બતાવે જેથી તું તારા સ્વરૂપને નિશ્ચય પામીશ ને ઇશ્વરને ઓળખીશ પ્રભુના ધ્યાનમાં પૂજનમાં તું એકાંત સ્થળમાં બેસી પરમાત્માની મૂર્તિનું ધ્યાન કરી હૃદયમાં બરોબર ઇશ્વરને ઠસાવજે જ્યાં સુધી ધ્યાનમાં ઇશ્વરની મૂર્તિ બેસે નહી ત્યાં સુધી મનનો નિશ્ચય કરી ફરી ફરીને ઇશ્વરની મૂર્તિનું ધ્યાન ધરજે જેથી ઇશ્વર દર્શન થશે.

[હરિગીત છંદ.]

રાચી રહે છે રમતમાં, બાળક રહે છે જ્યાં સુધી,
તરૂણી વિષે તાકી રહે છે, તરૂણ રહે છે ત્યાં સુધી;
ઘડપણ વિષે ઘેરાય પણ, ચિંતા સદૈવ કર્યા કરે,
પણ કોઇપણ ભગવાન, પરમ બ્રહ્મને ન મન ધરે. ૧

માથે પળી આવી ગયાં, ને અંગ અરર ગળી ગયું,
તેમાં વળી મુખ મૂર્ખ તારૂં દાંત વગર ગળી ગયું;
ઘડપણ વડે તું લાકડીનો, ઓથ આપે અંગને,
તો પણ અરે તૃષ્ણા તણા તું, તજ ન કેમ તરંગને. ૨

ફરી ફરી જન્મ ધરવો પડે, ને મરણ થાયે ફરી ફરી,
ફરી ફરી જનેતાના જઠરમાં, શયન કરવું હે હરી;

તુરનાર પાગવાર આ સંસાર, સાગર માંહથી,
લાવી દયા અંતર વિષે, ઉદ્ધાર કરજો આંહીથી. ૩
દીન ગત સાંજ સવાર, વારંવાર વીતી જાય છે,
હેમંત શિશીર વસંતના, આવા ગમન પણ થાય છે;
ક્રીડા કરે છે કાળ આયુષ, નીત ઓછું થાય છે,
તો પણ અરે આશા પવનમાં, શું તણાતો જાય છે. ૪
માથે જટા કે સાવ મુંડન, કેશ લુંચન પણ કરે,
ભગવો બનાવી ભેખ વિવિધ, પ્રકારના વેષો ધરે;
આંખો છતાં દેખે નહી, આ અંધ એવો લોક છે,
બહુ રૂપ રાખે પેટ માટે, એજ અમને શોક છે. ૫
આગળ બળે છે અગ્નિ, પાછળ સુર્યનો તડકો પડે,
ટાઢે વળે છે ટુંટીઆ, રાતે ન ઓઢણુ પણ જડે;
જમવા ન ઠામ મળે, અને સુવું સદા તરૂની તળે,
તો પણ ન છોડે છેક આશા, પાસ આપણને પળે. ૬
જાતે સમર્થ રહીશ તું, ધન લાવવામાં જ્યાં સુધી,
પરિવાર પણ તારો તને, અનુરક્ત રહેશે ત્યાં સુધી;
તન શીથલ સાવ થશેજ પે, ઘડપણ વડે ઘેરાઇને.
ઘરમાં પછી તો કોઇપણ, નહી ભાવ પૂછે ભાઇને. ૭
કંથા કરી તેં ચૌવટામાં, ચીંથરા ભેળા કરી,
શું પૂણ્ય કે શું પાપની, પણ વાત તેં કદી પરી;
એ તું નથી ને હું નથી, ને લોક પણ આ છે નહી,
છે આમ તેમ છતાં વૃથા તું, શોક કેમ તજે નહી. ૮
કરનાર મિથ્યા મોહનો, આવેશ જે સહુ કોઇને,
એવાંગ અરે નારી તણાં, સ્તન જઘન નયને જોઇને;

એ અવયવ તો માંસ મજ્જાના, અનેક વીકાર છે,
મન માંહી વારંવાર એમ, વિચાર કરતે સા· છે. ૯
ગાવા મૂખે ગીતા ગમાર હજાર હરીના નામને,
ધરવા સદા અંતર વિષે, લક્ષ્મીરમણ નિજ રામને;
મેલી મનોરથ સર્વ મનને, વાળવું સત્સંગમાં,
દેવું દયા થકી દીનને, ધન આદિ દાન ઉમંગમાં. ૧૦
ભગવાનના ગુણ રૂપ ગીતા, નિત્ય ગાય લગાર જે,
ગંભીર ગંગા જળ જરા, પ્રણયે થકી પીનાર જે;
નિજ આત્મ રૂપ મુરારીના, સેવા કરે સુખ રૂપ જે,
એના વિષે યમ રાજને, અવસો ન અંકુર ઉપજે ૧૧
આકાશમાં હું કોણને. તું કોણ આવ્યો કયાં થકી.
મારો અરે માતા પિતા * છે, કોણ કયાં જાવું નકી
એ રીતથી તું જાણ સર્વ, અસાર આ સંસારને.
મેલી દઇ સ્વપ્ના સમાન, સદૈવ સર્વ વિચારને. ૧૨
વસવું સદા સુખ રૂપ, ગંગા તીરના તરૂવર તલે
સુવું ધરાપર પહેરવા, મૃગચર્મ મન ગમતાં મળે;
તજવા પરિગ્રહ ભોગસુખ, વૈરાગથી મનડું મરે.
એવી સ્થિતી અતિ દિવસ, અંતરમાં સુખ કેને કરે. ૧૩

(તોટક છંદ)

પદ તેર તણોજ વિચાર કરો, સુરતાથી પ્રભુજીનું ધ્યાન ધરો;
મનને હરીમાં હરિરૂપ કરી, મટી જાવું પડી હરિમાંજ ઠરી,
ભુસી દેહ મમત્વ અને ભ્રમને, લુછી ચિત્ત જુવે લગ જો શ્રમને;
નથી અન્ય વિના રણછોડ હરિ, મૂકી મોહ નમી જઇ બેસ ફરી.

सर्वेऽत्र सुखी नः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा किंचिद्दुःखमाप्नुयात् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः
॥ इति शिवम् ॥
(समाप्त.)

ॐ श्री सद्गुरवे परमात्मने नमोनमः॥

અથ બુલ્લાશાહની સીહરફીનું* ભાષાંતર.

૧. અલફ:—હે પ્યારે ! તું પહેલાં પોતાનાં આપ (સ્વરૂપ) ને સમજ, તરૂં સ્વરૂપ શું વસ્તુ છે તું સ્વસ્વરૂપ ન જાણવાથી ત્રિવિધી તાપોનાં દુઃખમાં પડ્યો છે. ઇતર લાખો ઉપાયોથી સુખ નહિં થાય. જગતના સર્વ તત્વવેત્તાઓને પુછી જો. તે શુદ્ધ અખંડ ચૈતન્ય છે. બુલ્લાશાહ કહે છે કે, એવાં ચાર વેદનાં નગારાં છે. ॥ ૧ ॥

૨. બે:—હે મુમુક્ષુ ! તું તારાં કાન આંખ બંધ રાખીને, એકાંતમાં બેસીને એ વાતનો વિચાર કર. જગતને મિથ્યા જાણીને સર્વ ઇચ્છાથી રહીત થા. મહાત્માનું કહેવું તારા હૃદયમાં ધારણ કર. ઇચ્છાના અભાવરૂપ બેડી મનના પગમાં નાંખીને તેને કેદ કર. જાણુ-

---

* અલફ-આપણે આપનૂ સમઝ પહિલે, કિ વસ્તુ હૈં તેરડા રૂપ પ્યારે ॥
બાઝ આપણે આપદે સહીકી તે, પાઓ વિચ્ચ વિસૂરે દે દુઃખ ભારે ॥
હોર લક્ષ ઉપાવન સુખ હોવી, પુચ્છ દેખ સિઆ નડે જગ્ગસારે ॥
સુખ રૂપ અખંડ ચૈતન્ય હૈં તૂં, બુલ્લાશાહ પુકારદે વેદ ચારે ॥૧॥
બે. બન્ન અખ્ખી અતે કંન હોવે', ગોશે બૈઠકે બાત વિચારીએજી ॥
છડ્ડ ખાહેશાનાન બહાન કૂડા, રહા આરફાંદા હિય ધારીએજી ॥
પૈરીં પાઈ જંઇર બેર બાહ શીદે, ઈસન ફરનૂ કૈદ કર ડારીએજી ॥
જાન જાન દીનૂ જાન રૂપ તેરા, બુલ્લાશાહ ઇંવ બેશી ગુજારીએજી ॥૨॥

આ બે સીહરફી નમુના રૂપ લખી છે. એ ભાષા જુદી છે. મુમુક્ષુને ભાષા સાથે પ્રયોજન હોવું સંભવતું નથી, તેને તો માત્ર અર્થ તાત્પર્ય સાથે મતલબ હોય છે. તેથી માત્ર ભાષાનું સ્વરૂપ દરશાવવાને પ્રથમની બેસીહરફી મૂળ ભાષાની લખી છે. અર્થ બધાનો છે.

વાળો દ્રષ્ટા તારૂં સ્વરૂપ જાણુ બુલ્લાશાહ કહે છે કે, એમ જાણીને આનંદથી કાળ વ્યતીત કર. ॥ ૨ ॥

૩. તેઃ—હે પ્યારે! તારામાં જરાપણ અવકાશ નથી. તારાં સ્વરૂપમાં તૃણનો પણ પ્રવેશ થઈ શકતો નથી; તો તું વિચારી જો કે, એ જગતને ક્યાં ઠેકાણું મળે. અણહુવો એ પ્રપંચ પ્રતીત થાય છે. જેમ નિદ્રસ્થ પુરૂષને સ્વપ્નની પ્રતીતિ થાય છે, તેમાં નાના પ્રકારનાં રૂપ જોવામાં આવે છે તેમ. પરંતુ બુલ્લાશાહ કહે છે કે, તારાથી ભિન્ન કંઇપણ નથી. તારો ભ્રમજ તને ભમાવે છે. ॥ ૩ ॥

૪. સેઃ—અંતર મુખ દ્રષ્ટિ કરીને સારાસારનો વિચાર કર. તું તો સંપૂર્ણ જગતનો અધિષ્ઠાન છે. તારા પ્રકાશથીજ સર્વ વસ્તુ પ્રકાશિત થાય છે. નહિં તો તારા પ્રકાશ વિના કોઇ કોઇને પણ જાણે નહિ. તારી કલ્પનાજ અનેકરૂપે થઇ ભાસે છે. જેમ બાળકોને પોતાની છાયાંમાં ભૂત ભ્રાંતિ થાય છે. બુલ્લાશાહ કહે છે કે, ઉર્ણનાભી જંતુ (કરોળીઓ) ને કોણ ફસાવે છે. પોતેજ જાળ બનાવીને ફસી મરે છે ॥ ૪ ॥

૫. જીમઃ—હે મુમુક્ષુ! હું સદૈવ જીવતો રહું, એવું જે તું માને છે, અને મરણથી ડરે છે, એજ મોટું આશ્ચર્ય છે તું એકલોજ સર્વ જગતનાં જીવનરૂપ છે. સર્વમાં વ્યાપક હુવો આકાશની માફક અસંગ છે. તારા સરખો બીજો કોઇ નથી. તું સદા આદિ અંતથી રહિત પરમ પ્રેમાસ્પદ છે. બુલ્લાશાહ કહે છે કે, કાળ કોઈ વસ્તુજ નથી. તું તો સદા અમર છે—મરવાવાળો નથી. ॥ ૫ ॥

૬. હેઃ—ઇચ્છાએ તને દીન કરી નાંખ્યો છે. તને તારૂં નિજ સ્વરૂપ ભુલાવી દીધું છે. પાદશાહીથી પાડી નાંખી તને કંગાલ

બનાવી દીધો છે. લક્ષ્યપદથી તોડી પાડી તને તૃણ જેવો બનાવી દીધો છે મદોન્મત્ત સિંહને કાચા દોરાથી પગ બાંધી બેસાડી મુક્યો છે. બુલ્લાશાહ કહે છે કે, એક તમાસો બીજો જુવો. સમુદ્રને લઇને કુજાામાં સમાવી રાખ્યો છે. ॥ ૬ ॥

૭. સ્વેઃ—તું તારૂં ભાન રાખતો નથી. તું કલ્પનાની સાથે કલ્પના રૂપ થઇ જાય છે. જરા કલ્પનાને છોડી કલ્પના રહિત થા. નિદ્રા અને જાગ્રતની સંધિ જ્યારે થાય છે ત્યારે જો—અંતરથી કોણ પ્રકાશ કરે છે. કેથે હાથી ઘાસમાં છુપ ઇને ઉભો રહી શકે ખરો ?! બુલ્લાશાહ કહે, જેમ આપણા કંઠમાં ભૂષણ છતાં પણ ભ્રાંતિથી શોધતો ફરે છે; ગયું તો કેથે નથી ॥ ૭ ॥

૮. ચેઃ—તું સર્વ જગતનો પ્રકાશક છે. તારા પ્રકાશથી સર્વ વ્યવહાર થાય છે. તું સર્વ ચક્ષુ ઇંદ્રિયોમાં રહીને જુવે છે. તનેજ તમ અને પ્રકાશની પ્રતીતિ થાય છે. સદોદિત જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ, એ ત્રણ અવસ્થા, જો તારી આગળ અનેકવાર થાય છે. બુલ્લાશાહ કહે છે કે, તારૂં સ્વરૂપ પ્રકાશ માત્ર છે. કદી કમી જાસ્તી થતું નથી, કિંતુ એકરસ છે. ॥ ૮ ॥

૯. દાલઃ—તું તારા મનમાં જરાપણ દિલગીર નહિં થા. તારાથી ભિન્ન કોઇ પદાર્થ નથી એવો નિશ્ચય કર. પ્રથમ બ્રહ્મવેત્તા પાસે જઈને સમાગમ કર તેનાં વાક્યામૃતનું પાન કર તારાં અંતર ચક્ષુ મલીન થઇ રહ્યાં છે તેથી તને સુઝતું નથી. તેનાં વાકયોથી સાફ કર. બુલ્લાશાહ કહે, તું તારૂં રૂપ જાણ, તું એક (દ્વૈત રહિત) છે. આનંદમય રહો. ॥ ૯ ॥

૧૦. જાલઃ—તું જરાપણ તારાં મનમાં શંકા ન રાખ. હે સાંઇ ! તું બેશકક ખુદ ખુદા છે. જેમ સિંહ પોતાનાં બળને ભુલીને,

બકરાંનાં ટોળાંમાં, તેની માફક ઘાસ ખાય છે. પછી પોતાનું બળ સમજીને ગર્જના કરીને બકરાંને મારે છે, અને પોતાનાં સિંહ સ્વરૂપમાં સંશય રહિત જાગ્રત થાય છે. તેમ તેં પોતાને અન્યથા માન્યો છે. બુલ્લાશાહ કહે, સ્વરૂપ જાણુ. ॥ ૧૦ ॥

૧૧. રેઃ—હે મિત્ર ! આ જગતનો રંગ દેખ. વગર વિચારે સુંદર દેખાય છે. જેમ અનેક પ્રકારના બુદબુદા જળમાં પ્રતીત થઇને ક્ષણમાં ફુટી જાય છે તેમ ભૌતિક શરીર જુવો, આજકાલમાં નિવૃત થઇ જશે બુલ્લાશાહ કહે તું વિચાર કરી જો, એ સુખ દુઃખાદિ ધર્મ કોના છે. ॥ ૧૧ ॥

૧૨. જેઃ—તારાં સ્વરૂપમાં જવા આવવાની કલ્પના થઇ શકતી નથી. પર્વતની માફક સર્વદા અચળ છે. જેમ વાદળોના દોડવાથી ચંદ્રમાં દોડવું, બાળકને જણાય છે, તે તેની ભુલજ છે. તેમ દેહ, ઇંદ્રી, મન પ્રાણ આદિ ચંચળ છતાં પણ જોનાર પોતે અચળ છે. બુલ્લાશાહ કહે, પોતાનાં સ્વરૂપને જાણીને આનંદમાં રહો. બ્રહ્મવિદોનું એજ સારભૂત કથન છે. ॥ ૧૨ ॥

૧૩. સીનઃ—એ શરીરનું જીવવું મહા આશ્ચર્ય રૂપ છે. જે કાંઇ થવું તે પોતાની ભૂલ છે. જેમ સિંહનું ચિત્ર ચિતારાએ લખ્યું તેને બાળકજ ખરૂં જાણી રડે છે. તેમ તારામાં જરાપણ મેલ નથી. મેલ જોવો એજ ભૂલ. કાદવનો સ્પર્શજ નથી થયો તેને શું ધોવાનું છે ? ! બુલ્લાશા કહે, અવિદ્યા તત્કાર્ય રૂપ બંધ વસ્તુજ નથી. જાણી બુજીને હાથે વતી દાવ કેમ ગુમાવે છે. ॥ ૧૩ ॥

૧૪. શીનઃ—એ અર્થમાં જરાપણ સંશય નથી. સદા સર્વદા કાળ પોતાનું સ્વરૂપ એકરસ છે. સ્વરૂપમાં જ્ઞાન અજ્ઞાનની જગાજ

નથી. સૂર્યમાં છાયા અને ધૂપ ક્યાં છે ?। બુલ્લાહશાહ કહે સ્વરૂપને યથાવત જાણ્યું, તો જગેજગે પોતેજ ઉપમા રહિત વિરાજમાન થઇ રહ્યો છે. ॥ ૧૪ ॥

૧૫. **સ્વાદ:**—જે આવે તેમાં સંતોષ ગમ્બવો. અનેક પ્રકારના રંગો જોઇને ચિત્તને ડોલાયમાન નહિં કર. જે અચળ નથી તેમાં શું વિચારથી ચિત્ત લગાડવું આપણી દ્રષ્ટિ સદૈવ મૂળમાં રાખવી. પત્ર ફુલ ફળો તરફ દૃષ્ટિ નહિં લગાડવી બુલ્લાશાહ કહે છે કે, સ્વરૂપાનુભવ રૂપ સાકર ખા. પોતાની તરફ જો. સુકાં ફળ કેમ ખાય છે ॥ ૧૫ ॥

૧૬. **જુઆદ:**—આગ્રહ અને ચિંતાને સંપૂર્ણ છોડ. કંઇજ કર્તવ્ય નથી, એમ જાણ. જયાંથી સંકલ્પ ઉઠે ત્યાંજ તેને લીન કર. અચળ થઇને જો. તું તો જ્ઞાન સ્વરૂપ છે. તારાથી ભિન્ન કાંઇજ નથી એમ નિશ્ચય કર. બુલ્લાશાહ કહે સ્વરૂપને યથાર્થ જાણ. હું અખંડ છું એમ માન. ॥ ૧૬ ॥

૧૭. **તોય:**—જેણે પોતાના પ્યારાનું સ્વરૂપ જોયું તેણે આ નામરૂપ પ્રપંચ તરફથી મોઢું ફેરવી દીધું છે. કોઇ પોતાના પ્યારાનો અદ્ભૂત આનંદ અનુભવ કરે છે જેમાં મન એવું લાગ્યું છે કે પાછું ફરતું નથી. અષ્ટ પ્રહર દીવાના જેવું મસ્ત થઇ ફરે છે. તેણે નામ રૂપનો અભાવ નિશ્ચય કીધો છે બુલ્લાશાહ કહે તે આપ ખુદ ખુદા થઇ ફરે છે. પોતાના પ્રીયતમ સ્વરૂપ સુખથી સર્વ દુ:ખોને ભુલાવી દીધું છે. ॥ ૧૭ ॥

૧૮. **જોય:**—તારા પ્યારા તારાથી ભિન્ન નથી. બોલો તમે કોને શોધતા ફરો છો. પેહેલાં તું શોધવાવાળાનો શોધ કર. દેહમાં

આનંદ સ્વરૂપ તુંજ પ્રત્યક્ષ છે. સર્વ પ્રાણી માત્રનો આનંદ સ્વરૂપ આત્મા તુંહી છે. અને સંસાર રૂપી જંગલમાં શોધતો ફરે છે. બુલ્લાશાહ કહે તું પોતે ખુદ ખુદા છે. છતાં પણ પોતાને ભુલીને કોને શોધતો ફરે છે. ॥ ૧૮ ॥

૧૯. ઐનઃ—કલ્પના રહિત તું શુદ્ધ સ્વરૂપ છે. સદા આનંદ સ્વરૂપ સ્વયંપ્રકાશ મારો આત્મા છે એવાં સ્વરૂપનો એક વખત સાક્ષાત્કાર થયા પછી પોતાને સર્વ વિશ્વનો પ્રકાશક જાણે છે. તેના ઉપરથી લાખો સ્વર્ગ નીછાવર કરી નંખાય છે. તે બધા ઝગડા મટાવીને નિશ્ચય કરી પોતાને ઠેકાણે પોંચ્યો છે. બુલ્લાશાહ કહે છે એજ પુરૂપ મસ્ત થઇ ફરે છે. મદોન્મત્ત હસ્તીની માફક બેડીને તોડીને ફરે છે. ॥ ૧૮ ॥

૨૦. ગૈનઃ—(સર્વ અનર્થની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિની ઇચ્છા રૂપી મુમુક્ષુની વૃત્તિ કહે છે.) મને ભયે મારી દુઃખી કીધો છે અષ્ટ પ્રહર પ્યારાની ઇચ્છાથી દીન થઇ રહી છું. ખાવું પીવું ભુલી ગઈ છું. મને મારૂં નીજ સ્વરૂપ ક્યારે પ્રાપ્ત થશે, એવી હાથ જોડી પ્રાર્થના કરૂં છું વિષય પરાયણ ચિત્તવૃત્તિરૂપી સખીઓ મને એકલી મુકી ચાલી ગઇઓ છે. શરીર અને તત્સંબંધીઓનો સંગ મેં છોડી દીધો છે. બુલ્લાશાહ કહે જ્યારે સ્વસ્વરૂપને જાણ્યુ ત્યારે (સહજ સમાધી રૂપ) નિદ્રાને પામીને કદી અંગને પણ ફેરવતી નથી [નામ રૂપ પ્રપંચની કલ્પના કરતી નથી.) ॥૨૦॥

૨૧. ફેઃ—(સુબોધ વૃત્તિ પોતાની સમવૃત્તિઓને કહે છે,) હે સખીઓ ! મારી સર્વ ફીકર દુર થઈ ગઇ. મેં મારાં નિજ સ્વરૂપને જાણ્યું. આ મિથ્યા દેહનો સ્નેહ મેં દુર કીધો. દેહાદી નામરૂપ ધુળ છણીને (શોધીને) ચૈતન્યરૂપી રત્ન [લાલ] કાઢી લીધી છે. જુવો,

સર્વ જગત ધુંવાડાનું મંદિર દેખાય છે. એ જીવનને તુચ્છ જાણીને હારમાંથી જીત [જય] મેળવી છે. બુલ્લાશાહ કહે છે અખંડાનંદ સ્વરૂપ પોતાને જાણી મેં અમૃત પાન કીધું. ॥ ૨૧ ॥

૨૨. કાફ:—દ્રષ્ટાને એ દ્રશ્યમાંથી કોણ જાણે. દ્રષ્ટા સર્વ વિશ્વને જાણે છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોને પોતે પ્રકાશે છે. નેતિ નેતિ કરીને વેદ એ સ્વરૂપનું નિરૂપણ કરે છે. એ સ્વરૂપ તુલ્ય બીજું નથી. બુલ્લાશાહ કહે છે પોતાના સ્વરૂપને વિચારથી જોયું ત્યારે સ્વપ્રકાશ પોતેજ પોતાની મહિમામાં સદા વિરાજમાન જુવે છે ॥૨૨॥

૨૩. ગાફ:—અભિમાન રહિત થઇ, બેસીને વિચાર કરીને જો. એ અહંભાવનું કોઇ આશ્રય નથી. બુદ્ધિ આદિ સંઘાત જડ જોવામાં આવે છે કાષ્ટ પાષાણ સમ ભાસે છે. પોતાનું સ્વરૂપ કેવળ જ્ઞાન માત્ર છે. સ્ફુરણ અસ્ફુરણ કલ્પનાથી રહિત સદા એક રસ છે. બુલ્લાશાહ કહે છે સૂક્ષ્મ વિવેક યુકત વિચાર કર. દેહાભિમાન છોડી શુદ્ધ સ્વરૂપ જાણી સુખી થા. ॥ ૨૩ ॥

૨૪. લામ:—મારૂં કહ્યું માન. જાગ, કેમ સુઇ રહ્યો છે. જાણી બુઝીને દુઃખ શું કામ પામે છે. નઠારાં કર્મથી નિવૃત્ત થતો નથી, અને લોકોને અનેક પ્રકારની કથા સંભળાવે છે હે મુમુક્ષુ! કામ વિષ્ટાવત્ એ સર્વ ભોગોને જાણીને છોડ. બુલ્લાશાહ કહે એ સર્વનો સાક્ષી છે તેનાથી ચોરી કરીને સાધુ કહેવડાવે છે ॥ ૨૪ ॥

૨૫. મીમ:—એ પરમેશ્વર હરેક સ્થળમાં છે. તેને જો કેવાં અનેક પ્રકારનાં રૂપ બની રહ્યાં છે. જેમ એકજ બીજ અનેક શાખા ઉપશાખા પત્ર પુષ્પાદિ રૂપે ભાસે છે, તેમ પોતેજ આત્માદેવ સર્વ રૂપે નટ થઇ રહ્યો છે. પોતે પોતામાંજ ખેલે છે. પુરૂષ સ્ત્રી આદિ

થઇને પ્રેમને વધારે છે બુલ્લાશાહ કહે છે વસ્તુતઃ તો કંઈ થયુંજ નથી, પરંતુ એવું તેજ જાણે છે કે જેણે આત્મદેવ પોતાનું નિજ સ્વરૂપ જાણ્યું છે. ॥ ૨૫ ॥

૨૬. જુન:—નામરૂપ કલ્પનાને દુર કર, પછી અસ્તિ ભાતિ પ્રિય તારૂં સત્ય સ્વરૂપજ રહેશે. ચિત્તના ચિંત્વનમાં આવે તે નકકી મિથ્યાજ જાણ. બુદ્ધિની ત્રણ વૃત્તિ, જાગૃત, સ્વપ્ન સુષુપ્તિ તેનો તું સાક્ષી છે તેને છોડી જ્ઞાન સ્વરૂપમાં અચળ થા. બુલ્લશાહ કહે તું રાજાધિરાજ અચળ વિરાજમાન છે. તારી આગળ એ પ્રકૃતિ નૃત્ય કરે છે. ॥ ૨૬ ॥

૨૭. વાવ:—આ વખત ફરી તારા હાથમાં નહીં આવે, એક ક્ષણ પણ લક્ષ કોટી કિમત આપેથી ફરી નથી મળતી. વર્તમાનમાં તુ. યત્ન કરે તો અચળ થઇ જાય પણ તું તો અષ્ટ પ્રહર વિષય વિષને સેવે છે, મિથ્યા આચરણ કરે છે, માથામાં ધુળ નાંખે છે. ચિંતામણી છોડી દઇ કાચને ઝાલે છે. બુલ્લાશાહ કહે સ્વરૂપને જાણ તું તો વ્યાપક સ્વરૂપછે. આ નાનાં શરીરમાં કેવી રીતે સમાઈ શકે. ॥૨૭॥

૨૮. હૈ:—હરેક પ્રકારે પોતાનું સ્વરૂપજ જોવામાં આવે છે નાના રંગ રૂપે પોતેજ બનીને શોભે છે. કોઈ જગે પોતાને ભુલી દુઃખી થાય છે, અને ઉંચે નીચે ભમે છે. સ્વરૂપ સાક્ષાત્કાર થાય છે, ત્યારે નિજાનંદમાં સમાઇ જાય છે બુલ્લાશાહ કહે છે જે આદિ હતું તેજ અંતમાં હોય છે, જેમ જળમાં જળ સમાઇ જાય છે. ॥ ૨૮ ॥

૨૯. અલફ:—હવે મારી સ્થિતી યથાયોગ્ય થઇ. હર્ષ શોકથી રહિત થઇને રહો. મનનો ભરમ ગયો તત્વને પામ્યો. કાળનો ભય

મનમાંથી ઉડાવી દીધો. સંત દયા દ્રષ્ટિથી હું નિર્મળ થયો છું. સર્વ વ્યક્તિઓમાં સચ્ચિદાનંદ રૂપથી હુંજ વ્યાપક છું. બુલ્લાશાહ કહે છે, જ્યારે વિચારથી નિજ રૂપને જાણ્યું ત્યારે જે હું આદિ હતો તેજ હું અંતમાં રહયો ॥ ૨૯ ॥

૩૦. પ્ર:—મિત્રો ! મેં પોતાના સ્વરૂપને ગુમાવી દીધું અને પછી સ્વરૂપને પામ્યો. એ નામ રૂપાત્મક જગતની કિંચિત્ માત્ર પણ શુદ્ધિ ન રહી. નિજાનંદમાં વૃત્તિ લીન થઈ ગઇ. અષ્ટ પ્રહર વિશ્રાંતિમાંજ છું. કર્તવ્ય કલ્પના દુર થઇ ગઇ: દ્વૈત કલ્પના જ્ઞાનાગ્નિથી ભસ્મ થઇ. બુલ્લાશાહ કહે છે કે, લાખો સ્વર્ગ અપવર્ગ સુખોને એના પર કુરવાન કરી દઉં. જે અભેદ આનંદમાં હું વિશ્રાંતિ પામ્યો છું. ॥ ૩૦ ॥

ઇતિ શ્રી મહાત્મા બુલ્લાશાહની સીહરફીના

અર્થ સમાપ્ત.

(કાયાની ગાડી.)

(રાગ વેરાગી વનમાં વસનારી)

કાયાની ગાડીરે આવી કારમી, ગાડી અનઘડ દેખાય;
ગાડીનો કારીગર ન્યારો વસે, બાવન બારસેં પરખાય;
ગાડીરે ચલાવી અનુભવ દેશમાં.

નવરે નાડી મોરી નદીઓ, તેમાં ત્રણ શ્રેષ્ટ ગણાય;
ઇંગલા પીંગલાને સુખમણા, તેનો પુલરે બંધાય; ગાડીરે.

સાનની સડકો હંસા આંકાને, સુરતા સુરતા બે તાર;
શ્વાસના સ્લેપાટ પાથર્યા, સુન્ય શિખર મોઝાર; ગાડીરે.

અટરે ચક્ર સ્ટેશન રચ્યા, તારમારતગ તેણે ઠામ;
નવરે દરવાજે બંગલી બની, દસમે સાહેબનો મુકામ; ગાડીરે.

કર્મ ઇંદ્રીઓ પોઠર બની જ્ઞાન ઇંદ્રીઓ સીપાઇ;
ચિત નાયક ત્યાં ચોકી કરે, સતના સાંખા મેલાય; ગાડીરે.

મનરે ડ્રાયવર ગાડી હાંકતો, બુધ્ધિ ગાર્ડ લે છે તપાસ;
પ્રેમના પીસવા પલપલ વાગતા, નેઃનેજા (ધ્વજા) ઉડે આકાશ; ગાડીરે.

અદલ શબ્દના ઘંટ વાગતા. જ્ઞાનની ટીકાગો થાય;
સદ્ગુરૂ સાહેબ ટીકીટો આપતા, ગાફેલ હોય તે અથડાય; ગાડીરે.

જીવ શીવ વેપારી ગાડીએ ઉતર્યા, કહું તેનો વેપાર;
પ્રવૃત્તિ વળી જીવરાજને, જન્મ મરણ વારંવાર; ગાડીરે.

શીવરાજે સત્સંગ હેરીઓ, પરણ્યા નિવૃત્તિ નાર;
સતીની સંગેરે સત્ લોક ચાલીઆ, અમરપુરી મોઝાર; ગાડીરે.

પાણીરે પવનનું ઇંજન બન્યુ. અન્નના કોલસા પુરાય;
ડબેરે ડબે દીવા બળે, જળહળ જ્યોત જણાય; ગાડીરે.

ચૈતન્ય પુરૂષ આ દેશ આવીઆ, કેવળ સાહેબનો પ્રકાશ;
મનુષ્યા દેહનો ડબો બન્યો, ગણાય ફર્સ્ટરે ક્લાસ; ગાડીરે.

અનુભવી પાસ જેને મળ્યો, રોકન વાળો નહીં હોય;
સરજુ કહે ગાડી પારખો, આવા ગમન ન હોય; ગાડીરે.

(આ પુસ્તક મળવાનું ઠેકાણું.)

ઠા૦ ભગવાનદાસ બ્રીજભૂખણદાસ વર્મા ઠે. બરાનપુરી ભાગળ
સુરત શા. જીવણલાલ નાથાભાઇ સુખડીવા શેરી સુરત.

(નીચેના પુસ્તકો રોકડી કીંમતે મળશે.)

વિવાહ કૌમુદી રૂ. ૧–૮–૦ સતી શ્રીમંતની ૦–૨–૦
૦–૪૦ દંપતિ પ્રતિજ્ઞા ૦–૧–૦ મુગ્ધા કથા ૦–૪–૦ ઇશ્વર દર્શન
અમુલ્ય પોસ્ટ ખર્ચ લેનારને શીર ચડશે.

મરહુમ શાસ્ત્રી મૂલશંકર જયાનંદ દેસાઇપોળ, શાસ્ત્રી ઘેલાભાઇ
ભવાનીશંકર સંસ્કૃતશાળા સામવેદી, મોહનલાલ ઝીણાભાઇ સોનીફળીયા.
છોટાલાલ નાથાભાઇ વર્મા સુરત. નાથાભાઇ ગણપતરામ (શુકલતીર્થ.)

કર્તા

જ્યો. રણછોડલાલ કાશીરામ.

સોનીફળીયા–સુરત.
